મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા પાણી પુરવઠા વિભાગના ખાનગી કર્મચારીઓ હડતાળ પર જતા ૧૮૨ ગામોને પીવાના પાણીની મુશ્કેલી

દિવડાકોલોની, કડાણા પાણી પુરવઠા વિભાગના ખાનગી કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી જતા ત્રણ તાલુકાના ૧૮૨ ગામના લાખો પરિવાર અને પશુએ પીવાના અને વપરાશના પાણી માટે રઝળપાટ કરે છે ત્યારે પાણી પુરવઠા વિભાગ એજન્સીના બહાને પોતાની જવાબદારીથી છટકી લોકોને પાણી માટે વલખા મારવા મજબુર કરી રહી છે.

મહિસાગર જિલ્લાના કડાણા જળાશયમાં આગામી એક વર્ષમાં પીવાના પાણીની સમસ્યા નહિ સર્જાત તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. પરંતુ પાછલા ૪૮ કલાકથી ૧૮૨ ગામની પ્રજા પીવાના પાણી માટે વલખા મારતી જોવા મળી રહી છે. કારણ કે, કડાણા જુથ પાણી પુરવછઠા યોજના ભાગ-૧ અને ૨ના ૮૦ જેટલા કર્મચારીઓ ૩૦ ઓગસ્ટથી હડતાળ ઉપર ઉતરી ગયા છે ત્યારે આ કર્મચારીઓની માંગણી છે કે, સરકારના વર્ગ-૪ના કાયમી કર્મચારીઓ તરીકે સમાવેશ કરી સરકારી ધારાધોરણ મુજબ અંશકાલીન કામદારોને લઘુત્તમ વેતન અને રજાઓનો લાભ આપવામાં આવે આ માંગ સાથે ૮૦ જેટલા કર્મચારીઓ અચોકકસ મુદ્દતની હડતાળ ઉતરી ત્રણ કડાણા અને મોરવા(હ)ને પાણીની સમસ્યાનો વારો આવ્યો છે ત્યારે પાણી પુરવઠા વિભાગ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જગ્યાએ આ સમસ્યા અમારી નથી. આ એજન્સીની સમસ્યા છે તેવુ કહી પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ પોતાની જવાબદારીથી છટકતા જોવા મળ્યા હતા. વધુમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા જણાવ્યુ હતુ કે, એજન્સીને જાણ કરી છે પરંતુ હડતાળમાં જોડાયેલા કર્માચારીઓને કોઈ મળવા આવ્યુ નથી ત્યારે પાણી પુરવઠા વિભાગ અને એજન્સીમાં સંકલનના અભાવે ૧૮૨ ગામોને પાછલા બે દિવસથી પાણી વિના તરસ્યા રહેવાનો વારો આવી રહ્યો છે.

# સાહસ/શૌર્ય, સેવા/જાહેર સુખાકારી અને તબીબી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ એવોર્ડ

લુણાવાડા, ગુજરાત રાજ્ય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા સાહસ/શૌર્ય, સેવા/જાહેર સુખાકારી અને તબીબી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારને એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

કેલેન્ડર વર્ષ ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ દરમ્યાન જે તે વર્ષની તા.૦૧-જાન્યુઆરી થી તા.૩૧-ડિસેમ્બર સુધીના સમયગાળામાં સાહસ-શૌર્ય, તબીબી અને સેવા-જાહેર સુખાકારી ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા ગુજરાત રાજ્યના કોઈપણ વ્યક્તિ/સંસ્થાનું પ્રતિ વર્ષ સરકાર દ્વારા સન્માન કરી એવોર્ડ એનાયત કરવા માટે અરજી મંગાવવામાં આવે છે. જેની નિયત નમુનાની અરજી વેબસાઈટ https://commi- synca.gujarat.gov.in/application-forms-guj.htm તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી રૂમ નંબર-૨૧૨ બીજો માળ કલેકટર કચેરી લુણાવાડા, મહીસાગર ખાતેથી મેળવી તથા તા.૨૦/૦૯/૨૦૨૨ સુધીમાં કચેરી કામકાજ દરમિયાન, કામકાજના દિવસોમાં માંગ્યા મુજબની તમામ વિગતો ભરીને જમા કરાવવાનું રહેશે. જે જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિરપુરના ગંધારી પાસે સુજલામ સુફલામ કેનાલ માંથી પુરૂષનો મૃતદેહ મળ્યો

વિરપુર, વિરપુર તાલુકાના ગંધારી ગામેથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી એક પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો જેને લઈ સ્થાનિક લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

ગંધારી ગામ પાસેથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ નજરે પડતા સ્થાનિક રહિશોએ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે ઘટના સ્થળ પર પહોંચી સ્થાનિક લોકોની મદદથી મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢી તેના પરિવારની શોધખોળ હાથ ધરતા મૃતક કડાણા તાલુકાના રણકપુર ગામનો રહેવાસી ભેમાભાઈ સરદારભાઈ ડામોર હોવાનુ જાણવા મળ્યુ હતુ. પોલીસે તેના પરિવારને જાણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વિરપુરની સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરાના નાકુડી ગામમાંથી ખેડૂતની પાણી ખેંચવાની મોટર ચોરાતા પોલીસ ફરિયાદ નોંધાઈ

શહેરા, શહેરાના નાકુડી ગામેથી થોડા સમય અગાઉ એક વ્યક્તિની પાણી ખેંચવાની મોટર ચોરાઈ હતી. જેમાં એ વ્યક્તિએ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ટેક્નિકલ સોર્સીસ અને હ્યુમન સોર્સના આધારે કાંકણપુરના ૨૨ વર્ષીય મિત દિલીપભાઈ લુહારની સંડોવણી બહાર આવતા તે મોટર કોઠંબા કબાડીને ત્યાં વેચી દેતા મિતની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા ઝીણવટભરી પૂછપરછ હાથ ધરાતા મોટર નરસાણા ગામના પૂર્વ સરપંચના પુત્ર પાસેથી મેળવી હતી. છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમના કેટલાક ગામોમાં મોટર ચોરીની વ્યાપક બૂમો ઉઠવા પામી હતી. જેમાં થોડા દિવસ અગાઉ નાકુડી ગામેથી એક મોટર ચોરાયાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસએ ઝીણવટભરી તપાસ હાથ ધરી કાંકણપુરના મિત લુહારને મોટર ચોરીમાં ઝડપી પાડી તેની પૂછપરછ હાથ ધરાતા નરસાણા ગામના પૂર્વ સરપંચનો પુત્ર ૩૯ વર્ષીય પરમાર દિલીપભાઈ ભારતભાઈ મોટર ચોરીનો મુખ્ય માસ્ટરમાઈન્ડ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. આથી પોલીસે અલગ અલગ ટીમો બનાવી તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ પરમાર દિલીપની પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે તેણે પોતે ઢાકલીયાના તળાવ ફળિયાના બારીઆ જશવંતભાઈ પ્રભાતભાઈ અને નરસાણા ગામનો અન્ય એક ઈસમ મહેશ ભીખાભાઈ વણકર સાથે મળી મોટર ચોરીના કામને અંજામ આપ્યો હતો. આ ચોર ટોળકી દ્વારા તેઓની ઈકો ગાડીમાં રેકી કરી ક્યાંથી સરળતાથી મોટર નીકળી શકે તે શોધીને તેઓ ચોરીને અંજામ આપતા હતા. જો કે, પોલીસની કામગીરીના કારણે ગણતરીના કલાકોમાં જ ચોર ટોળકી પૈકીના બે ઈસમોને જેમાં મોટર ચોરીના મુખ્ય સૂત્રધાર સાથે અન્ય એકને ઝડપી પાડી ગુન્હાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે હાલ બે વ્યક્તિની ધરપકડ કરી છે, સાથે ચોરી કરવા માટે જે ઈકો ગાડી ઉપયોગમાં લેવામાં આવી હતી. તે ગાડી પણ કબ્જે લેવામાં આવી છે. જ્યારે ફરાર મહેશ ભીખાભાઈ વણકરને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા



શહેરા તાલુકાના ગુણેલી ગામની નવીન બનનાર આંગણવાડી કેન્દ્ર એકનું ખાતમુર્હૂત તાલુકા વિકાસ અધિકારીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્ય તેમજ ગામના અગ્રણીઓ અને સરપંચ સહિત વોર્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શહેરા તાલુકાના ગુણેલી ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર એક પાછલા કેટલાક વર્ષથી જર્જરીત થતા અનેક રજૂઆત બાદ આ આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું હતું.આ ગામની ગ્રામ પંચાયત પાસે આવેલ રાજીવ ગાંધી ભવનના નજીકમાં આવેલ ખુલ્લી જગ્યાની માપણી તાલુકા વિકાસ અધિકારી અને ગામના અગ્રણીઓ તેમજ સરપંચની ઉપસ્થિતિમાં કરીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રૂપિયા ૭ લાખના ખર્ચે નવીન બનનાર આંગણવાડી કેન્દ્ર એકનું ખાત મુર્હૂત તાલુકા પંચાયત કચેરીના વિકાસ અધિકારી રણજીતસિંહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાત મૂહુર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિનુભાઈ નાયક, તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ જાદવ તેમજ ગ્રામના અગ્રણી નટુભાઈ પગી, નરેગા શાખાના એ.પી.ઓ અમીતભાઈ બારીયા સહિત ગ્રામ પંચાયતના સરપંચ અને વોર્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસર લોકશાહીનો, ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# મતદાર યાદી નિરીક્ષક ડી.કે.પારેખ પંચમહાલ જિલ્લાના પ્રવાસે, મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઈ



ગોધરા, આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને આજ રોજ પંચમહાલના ગોધરા સ્થિત જિલ્લા સેવા સદન કલેકટર કચેરી હોલ ખાતે મતદાર યાદી નિરીક્ષક ડી.કે.પારેખની ઉપસ્થિતીમાં વિવિધ અધિકારીગણ અને જિલ્લામાં માન્ય રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તથા મુસદ્દાની જાણકારી આપવામાં આવી હતી. બેઠકમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલ નવીન ફોર્મ અંગેની તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને જાણકારી આપવામાં આવી હતી તથા તેઓ પાસેથી સલાહ સૂચનો મેળવવામાં આવ્યા હતા.

આ સાથે તેઓનો સહયોગ મેળવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. બુથ લેવલ ઓફિસર ગ્રામ્ય લેવલે આગેવાનો સાથે સંકલન કરીને નવા મતદારોની નોંધણી અને જાગૃતિ માટે પ્રયાસ કરે તેવી તથા દિવ્યાંગોને ખાસ ઝુંબેશ અંતર્ગત કાર્યક્રમ યોજાય તેવી ચર્ચા કરાઈ હતી. પંચમહાલ જિલ્લાના તમામ વિધાનસભા મત વિભાગોમાં બુથ લેવલ ઓફિસર તથા સુપરવાઈઝરોની યાદી માન્ય રાજકીય પક્ષોને પૂરી પાડવામાં આવેલ છે.

હવે પછી ૦૪ સપ્ટેમ્બર રવિવાર અને ૧૧ સપ્ટેમ્બર રવિવારના રોજ મતદાર યાદી ખાસ ઝુંબેશ કાર્યક્રમ યોજાશે જેમાં જિલ્લાના યુવા મતદારોને મતદારયાદીમાં નામ નોધાવવા અનુરોધ કરવામાં આવે છે. લાયકાતની તારીખના સંદર્ભે પંચમહાલ જિલ્લામાં કુલ ૧૨ લાખ ૮૬ હજાર ૬૭૧ મતદારો નોંધાયા છે.

# ગોધરા ખાડી ફળીયામાં નજીવી બાબતે મારામારી થતાં બે વ્યકિતને ઈજાઓ


ગોધરા, ગોધરાના ખાડી ફળીયા વિસ્તારમાં રહેતા યુવક તેના મિત્રો સાથે કામ અર્થે નિકળ્યા હતા. ત્યારે સામે થી પાંચ થી સાત યુવકો એ બોલાચાલી કરી લાકડી અને પાવડાના દસ્તા થી મારમારતા યુવક બચીને ઘરે પરિવારને જણાવતા સમજાવવા ગયેલ યુવક સાથે ઝગડો કરી એક વ્યકિતને ઈજાઓ પહોંચાડી પોલીસે ઘટના સ્થળે દોડી આવી મામલો ઠાળે પાડયો હતો.


ગોધરા ખાડી ફળીયામાં રહેતા યુવક અને તેના ચાર મિત્રો સાથે કામ અર્થે નિકળેલ હતા. ત્યારે અચાનક પાંચ થી સાત યુવકોએ કોઈ બાબતે બોલાચાલી કરી હતી અને લાકડી અને પાવડાના દસ્તા વડે ગેબી મારમાર્યો હતો. જેથી યુવક બચીને ઘરે ચાલ્યો ગયો હતો અને મારમારીની વાત પરિવારને કરતાં પરિવારના સભ્યો યુવકોને સમજાવવા જતા અન્ય યુવકો વચ્ચે ઝગડો થતા એક યુવકને માથાના ભાગે પથ્થર વાગતા ઈજાઓ થઈ હતી. ઝગડા થી શરૂ થયેલ મામલે વધારે ઉગ્ર બનતા બન્ને જુથ સામસામે આવી ગયા હતા. આ બાબતની બી ડીવીઝન પોલીસને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવીને સ્થિતી ઉપર કાબુ મેળવ્યો હતો. મારામારીમાં ઈજાગ્રસ્ત બે વ્યકિતને સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ગોધરા નગરના વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપિતશ્રીજીની મુર્તિની ઝાંખી


સ્ટેશન રોડ, ગોધરા



સ્વામીનારાયણ મંદીર, ગોધરા



પ્રભાકુંજ સોસાયટી, ગોધરા



શ્રીમાળી શેરી, ગોધરા


સરકાર ગૃપ, દાહોદ રોડ, ગોધરા


સેવન ગૃપ, ગોધરા


વિશ્વકર્મા ચોક, ગોધરા


શહેરા ભાગોળ, ગોધરા


ગ્રીન પાર્ક, ગોધરા

# આપની આજ.......

મેષ : આજે ભાગ્ય તમારી તરફેણ કરશે. પ્રભાવ વધશે અને લોકો તમને ટેકો આપશે. જમીન સંપત્તિના કામોથી અકલ્પનીય લાભ થશે. ઉત્તમ માણસોને મળીને મનમાં આનંદ થશે.

વૃષભ : આજનો દિવસ મુશ્કેલ રહેશે. બિનજરૂરી ખર્ચા થઈ શકે છે અને પત્નીને પરેશાની નડી શકે છે. નજીક અને દૂરનો કોઈએક ફળદાયી પ્રવાસ થઈ શકે છે. સાંજે આજે કંઈક સારા સમાચાર મનને સંતોષ આપશે.

મિથુન : આજે તમારો દિવસ દરેક બાબતમાં મિશ્રિત અસરકારક રહેશે. ક્યાંકથી માન મળવાની સંભાવના છે અને અટકેલા કામ પૂરા થઈ શકે છે.

કર્ક : તમારા માટે આજનો દિવસ મુશ્કેલ બની શકે છે. આજે તમે ખાસ વ્યસ્ત રહેશો અને કોઈ કારણસર તણાવ થઈ શકે છે. કોઈ નિર્ણય લેતા પહેલા સમજદારીપૂર્વક કામ કરો. તમારી નજીકના લોકો સાથે બિનજરૂરી વિવાદોમાં ભાગ ના લો, નુકસાન થઈ શકે છે. સ્વાસ્થ્ય પણ ઠીક રહેશે.

સિંહ : ગ્રહોની સ્થિતિ મુજબ આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેતો છે. આજે તમને ક્યાંકથી અટકેલા પૈસા મળી શકે છે, આવકના નવા માર્ગ મળી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે મુશ્કેલીઓથી ભરેલો દેખાઈ રહ્યો છે. કોઈ કામમાં અડચણો આવી શકે છે, જ્યારે નોકરી કે ધંધામાં પૈસાની ખોટ થઈ શકે છે. વિરોધીઓ આજે તમારી વિરુદ્ધ કાવતરું ઘડી શકે છે, જ્યારે ઓફિસમાંના સાથીઓ પણ તમારી નિંદા કરી શકે છે, સાવચેત રહો.

તુલા : આજે તમારા માટે આનંદદાયક દિવસ છે અને તમારા આવકના નવા સ્ત્રોતોનો વિકાસ કરશે. શત્રુઓ અને હરીફોનો પરાજય થશે. નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને તમને રાજકીય ક્ષેત્રે કામ કરવાની તક મળશે, જેમાં તમને સફળતા પણ મળશે. સંસારિક આનંદના માધ્યમોમાં વૃદ્ધિ થશે અને આજે નોકરી તેમજ રોજગારી ક્ષેત્રે લાભ થશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે ખુશી અને શાંતિનો સંકેત આપે છે. આજે મનમાંથી વિચારાયેલા બધા કામ પૂરા કરીને આનંદ થશે. જીવનસાથીના સહયોગથી મનમાં આનંદ રહેશે.

મકર : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે ઠીક અને વ્યવસાયમાં સુધારાનો છે. ઈચ્છિત નાણાકીય લાભોને લીધે મનોબળ વધશે અને પત્ની તેમજ બાળકો તરફથી સંતોષકારક સમાચાર મળતા આનંદ થશે.

કુંભ : તમારા માટે આજનો દિવસ ખાસ છે. આજની યોજના મુજબ કરેલા તમામ કાર્યો પૂરા થતાં તમે આનંદ અનુભવો છો અને તમારું મનોબળ વધશે. અચાનક મોટી માત્રામાં પૈસા મળી શકે છે અને કોષમાં વધારો થશે.

મીન : આજે ભાગ્યની કૃપાથી તમને સારી સંપત્તિ મળશે અને ભાગ્યનો સહયોગ મળશે. ખોવાયેલા પૈસા અથવા અટકેલા રૂપિયા મળશે. આજે ચર્ચાથી કોઈપણ મુશ્કેલ સમસ્યા ઉકેલાશે. આજે કોઈ તમારા ઘરે આવી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ, દાહોદ, દે.બારીયા માર્ગ ઉપરના ખાડાઓ યથાવત ? તંત્ર સબ સલામતનો રીપોર્ટ કર્યાની ચર્ચા

દાહોદ,

દાહોદ શહેર રસ્તાઓ ઉપર છે કે પછી ખાડાઓમાં દાહોદ શહેર છે ? તે હકીકત તો સૌ દાહોદના નગરજનો જાણે જ છે, પરંતુ હાલમાં નગરપાલિકા કમિશનરની કચેરીના અધિક કલેક્ટર દ્વારા ગુજરાતમાં આવેલ કેટલાંક જિલ્લાઓમાં રસ્તા ઉપરના ખાડાઓ પુરવામાં આવ્યાં હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી. જેમાં દાહોદ જિલ્લાના દાહોદ નગર, ઝાલોદ અને દેવગઢ બારીઆનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે હાલ તો દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ખાડાઓ પુરાયાં ક્યાં ? જેવા સવાલો નગરજનોમાં ઉઠવા પામ્યાં છે. ત્યારે દાહોદના સંલગ્ન તંત્ર દ્વારા માત્ર સબ સલામત હોવાના રિપોર્ટો જાણે ઉપલી કચેરી કરી દીધો હોવાનું પ્રતિત થાય છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

થોડા દિવસો પહેલા દાહોદ માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ એક અખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર, નગરપાલિકા કમિશનરની કચેરીના અધિક કલેક્ટર ગોપાલ બામણિયાએ ઉક્ત બાબતની માહિતી આપતા જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લાની ડભોઈ નગરપાલિકામાં ૧૫૦, પાદરામાં ૩૫, સાવલીમાં ૫૭ અને કરજણમાં ૬૦ સહિત છોટા ઉદેપુર નગરપાલિકામાં ૨૦, આણંદમાં ૯૯૬, ખંભાતમાં ૨૬, બોરસદમાં ૩૩, પેટલાદમાં ૫૬, ઉમરેઠમાં ૩૭, કરમસદમાં ૧૦૨, આંકલાવમાં ૧૫૬, ઓડમાં ૨૪૩, બોરયાવીમાં ૭૪૫, સોજીત્રામાં ૯૫, ગોધરામાં ૪૮૦, હાલોલમાં ૭૮૦, કાલોલમાં ૪૬, શહેરામાં ૪૮, લુણાવાડામાં ૨૮, સંતરામપુરમાં ૫૭, બાલાસીનોરમાં ૩૯, દાહોદમાં ૬૧૫, ઝાલોદમાં ૫૭, દેવગઢ બારિયામાં ૨૬ સહિત કુલ ૪૮૯૩ ખાડાઓ પૂરવામાં આવ્યા છે. રાહદારીઓને કોઈ તકલીફ ના પડે એ માટે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત કામગીરીને અગ્રતા આપવામાં આવી રહી છે.

દાહોદ નગરપાલિકા દ્વારા શહેરમાં વરસાદ દરમિયાન માર્ગો પર પડેલા ૬૧૮ જેટલા ખાડાને પુરી દેવાયો હોવાનો રિપોર્ટ પ્રાદેશિક કમિશ્નરમાં કરી દેવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિકમાં શહેરનું ચિત્ર જુદુ છે. અનેક માર્ગો પર ખાડા જેમના તેમ છે તો ક્યાંક કામના નામે વેઠ જ ઉતારવામાં આવી છે. હાલ પ્રાદેશિક કમિશનર કચેરીએ પણ જિલ્લાની વિવિધ નગરપાલિકા દ્વારા ૪૮૯૩ જેટલાં ખાડા પુરી દીધા હોવાનો દાવો કરાયો છે. દાહોદ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોને તત્કાલ રિપેર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવેલા અભિયાન અંતર્ગત વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશનર તાબા હેઠળની ૨૬ નગરપાલિકાઓમાં યુદ્ધના ધોરણે ખાડાઓ પૂરવાની કામગીરી કરવામાં આવી છે. આ નગરપાલિકા વિસ્તારોમાં પડેલા નાનામોટા ૪૮૯૩ ખાડાઓને પેચવર્ક કરીને પૂરવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવ્યુંછે જોકે વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ છે. ખાસ કરીને દાહોદ શહેરમાં ઠેર ઠેર ખાડા જોવા મળી રહ્યાં છે. સૌથી મહત્વની બાબત એ છે કે સ્માર્ટ સિટી અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ હેઠળ ખોદાયેલા માર્ગો પરના ખાડા તેમના પણ ધ્યાનમાં હોવા છતાં હજુ સુધી સ્થિતિમાં કોઈ સુધારો થયો નહતો તેમાંય કોન્ટ્રાક્ટર દ્વારા અનેક સ્થળે ખાડા પુરવામાં વેઠ જ ઉતારવામાં આવી છે. કેટલાક માર્ગો પર ફરી ધોવાણ થઈ ગયું છે. જેના કારણે સ્થિતિ જેમની તેમ જ રહી છે. દાહોદ નગર પાલિકા અને કોન્ટ્રાક્ટરની મિલિભગતથી ચોમાસા દરમિયાન જાહેર માર્ગો પર પડેલા ખાડાઓનો કોઈપણ ધારા ધોરણ મુજબ ખાનાપૂર્તિ થાય તેમ પુરાણ કરી મોટાભાગના ખાડાઓ માત્ર કાગળ પર જ પૂરી દીધા હોય તેમ જણાઈ રહ્યું છે.

# ઝાલોદ APMC ચૂંટણી જંગમાં મહેશભાઈ ભૂરિયાની પેનલનો ભવ્ય વિજય

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ ઝાલોદ એપીએમસીની ચુંટણીનું આજે પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહૌલ જોવા મળ્યો હતો. વહેલી સવારથીજ મતગણતરી કેન્દ્રો ખાતે ઉમેદવારો અને તેમના સમર્થકોની અસંખ્ય ભીડ જોવા મળી હતી. ઝાલોદ એપીએમસીની ચુંટણીમાં પુર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની પેનલનો ભવ્ય વિજયી થતાં કાર્યકરો તેમજ તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. એકબીજાનું મોંહ મીઠું કરાવી વિજયઉત્સવ મનાવ્યો હતો. ચુંટણી પ્રક્રિયા દરમ્યાન અને આજે મતગણતરી દરમ્યાન કોઈ અનીચ્છીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.




ઝાલોદ એપીએમસી જુદા જુદા વિભાગની ૧૫ સભ્યો માટે યોજાયેલી ચૂંટણી નું મતગણતરી અત્રેની એપીએમસી કચેરીમાં સવારના નવ વાગ્યાના સમયથી શરૂ થઈ હતી મોડી બપોરથી મતગણતરી શાંતિ પૂર્ણ સંમ્પન્ન થઈ હતી. વિજેતા ઉમેદવારોના સમર્થકોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો. એપીએમસીની મતગણતરી ને લઈને ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ દેખવા મળ્યો હતો. મતગણતરીના મથકની બહાર લોકો નો ભારે જમાવડો જન્મ્યો હતો. પરિણામો એક એક વિભાગના જાહેર થયા હતા. સૌપ્રથમ સંઘ વિભાગમાં નારણભાઈ પ્રેમજીભાઈ રસુઆત ૦૩, વેપારી વિભાગમાં પટેલ હિતેન્દ્રકુમાર દામોદરદાસ ૧૩૪, અગ્રવાલ ગોપાલ દાસમખનલાલ ૧૧૩, જૈન પંકજકુમાર ચંદ્રકાંત ૧૦૯, શાહ મહેન્દ્ર અમરચંદ ૯૭, ખેડૂત વિભાગમાં ભુરીયા મહેશભાઈ સોમજીભાઈ ૨૦૮, ભુરીયા કૃષ્ણરાજ મહેશભાઈ ૧૯૩, હઠીલા સુનિલભાઈ નારસિંગભાઈ ૧૮૫, વસોયા જેસીંગભાઈ સવસીંગભાઈ ૧૮૬, સુવર ભાણુભાઈ દલસિંગભાઈ ૧૮૪, રાઠોડ મનપ્રીતસિંહ મહેન્દ્રસિંહ ૧૮૪, કોળી વિજયભાઈ પ્રવીણભાઈ૧૮૦, માવી જોસિંગભાઈ શેતાનભાઈ ૧૭૩, ભાભોર નરેશકુમાર મંગાભાઈ ૧૭૧, હઠીલા અનિલભાઈ લાલસીંગભાઈ ૧૬૮ તમામ ઉમેદવારોને મત મળતા ચૂંટણી અધિકારીએ વિજેતા જાહેર કર્યા હતા. વિજેતા ઉમેદવારોના સમર્થકોએ ઉમેદવારોને ફુલહાર પહેરાવી મીઠાઈ ખવડાવી ફટાકડા ફોડી વિજય સરઘસ કાઢી વિજય ઉત્સવ મનાવ્યો હતો. મતદાન ગણતરી સમયે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતા કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો તસવીર ઝાલોદ એપીએમસીમાં વિજેતા ઉમેદવારો અને તેમના સમર્થકોએ વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

# દાહોદ જીલ્લા માંથી ૨૦ પોલીસ કર્મચારીઓની આંતરીક બદલી કરાઈ

દાહોદ,

ગુજરાત વિધાન સભા ૨૦૨૨ની ચુંટણી નજીક આવતાં ગૃહ વિભાગ દ્વારા ૮૮ પી. આઈની રાજયવ્યાપી બદલીઓની દોરમાં દાહોદ જિલ્લામાંથી પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલીઓ કરાઈ હતી. જેમાં દાહોદ જિલ્લામાં જુદા-જુદા વિભાગમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીઓ કરાઈ હતી. જયારે આજરોજ દાહોદ જિલ્લા પોલીસ વડાએ જિલ્લામાં બિન હથીયારધારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની દાહોદ જિલ્લામાંજ આંતરીક બદલી કરવામાં આવી છે. જેમાં ૨૦ જેટલા પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

ગુજરાત વિધાન સભા ૨૦૨૨ની ચુંટણીને લઈ તમામ રાજકીય પક્ષો ચુંટણી લડવા હમણાંથી જ આગોતરી તૈયારીઓમાં જોતરાઈ ગયાં છે. ત્યારે હાલમાં જ ગુજરાત સરકાર દ્વારા ૮૮ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરની રાજ્ય વ્યાપી બદલીઓના દોરમાં દાહોદ જિલ્લામાંથી દેવગઢ બારિયા સીપીઆઇ તરીકે ફરજ બજાવતા બેગડિયાની બદલી જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સ્કૂલખાતે, દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ભાવિક શાહની સુરત ગ્રામ્યમાં તેમજ દાહોદ ટાઉન એ ડિવિઝનમાં ફરજ બજાવતા વસંત પટેલની વડોદરા પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાં બદલી કરી હતી. જયારે દાહોદ જિલ્લામાં ત્રણ નવા પીઆઇ પોસ્ટિંગ થઈને આવતા ચાર જુદી જુદી જગ્યાએ પી.આઇ.ની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં એ.એમ હેરમાં ને દાહોદ ટાઉન એ ડીવીઝનમાં, જે.એમ.ખાંટને સીપીઆઇ દાહોદ તરીકે તેમજ એ.એન. ઢવીને દે. બારીયા સીપીઆઇ તરીકે જયારે લિવ રિઝર્વમાં મુકાયેલા એમ.જી. ડામોર ને AHTU તરીકે નીમુંણક કરવામાં આવી છે. જયારે દાહોદ જિલ્લા પોલીસ વડા બલરામ મીણા દ્વારા ૨૦ જેટલા બિન હથીયારધારી પોલીસ સબ ઈસ્પેક્ટરોની જિલ્લામાંજ આંતરીક બદલીઓ કરી છે. જેમાં ધાનપુર પોલીસ મથકે ફરજ બજાવતાં બી.એમ. પટેલને દેવગઢ બારીઆ પોલીસ મથકે ચાર્જ સોંપાયો છે. દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરજ બજાવતં એન.જે. પંચાલને એલ.સી.બી. સાયબરમાં નિમણુંક કરી છે. દાહોદ ટાઉન પોલીસ મથકે ફરજ બજાવતાં એસ.એમ. પઠાણને લીમખેડા સેકન્ડ પોલીસ મથકે નિમણુંક કરેલ છે. લીમખેડા પોલીસ મથકે ફરજ બજાવતાં આર.એ. પટેલને રણધીકપુર પોલીસ મથકે નિમણુંક કરેલ છે. સુખસરના એન.પી.સેલોતને દાહોદ ટાઉન એ. ડીવીઝનમાં, ફતેપુરાના સી.બી. બરંડાને ધાનપુર પોલીસ મથકે, લીવ રીઝર્વ એમ.કે. પટેલને સુખસર પોલીસ મથકે, મહિલા પોલીસ મથકના વી.એસ. પાંડવને એ.એચ.ટી.યુ. દાહોદ/ચાર્જ મહિલા પોલીસ સ્ટેશન, દાહોદ રૂરલ સેકન્ડ પોલીસ મથકના વી.આર. મકવાણાને ના.પો.અધિ.ની કચેરી, લીમખેડા, રીડરમાં, ચાકલીયા પોલીસ મથકના વી.આર. ચૌહાણને સાગટાળા પોલીસ મથકે, સાયબર પોલીસ સ્ટેશનના સી.આર. દેસાઈને, ફતેપુરા પોલીસ મથકે, એસ.ઓ.જી. પોલીસ મથકના બી.એ. પરમારને ચાકલીયા પોલીસ સ્ટેશને, જેસાવાડા પોલીસ મથકના યુ.આર. ડામોરને દાહોદ ટાઉન એ.ડીવીઝનમાં, રણધીકપુર પોલીસ મથકના ડી.જી. વહોનીયાને દાહોદ ટાઉન એ.ડીવીઝનમાં, દાહોદ રૂરલ પોલીસ મથકના એમ.એન.રામીને જેસાવાડા પોલીસ મથકે, એ.સી.બી. (દાહોદ ટાઉન એ.ડીવીઝન)ના એન.એન. પરમારને દાહોદ રૂરલ પોલીસ મથકે, લીવ રીર્ઝવના એમ.એ. હેરમાને દાહોદ ટાઉન એ.ડીવીઝીન, જે.એમ.ખાંટને સી.પી.આઈ. દાહોદ, એ.એન. ગઢવીને સી.પી.આઈ. દેવગઢ બારીઆ અને એમ. જી.ડામોરને એ.એચ.ટી.યુ., દાહોદ ખાતે નિમણુંક કરવામાં આવેલ છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ સાથે દાહોદ જીલ્લા ચુંટણી અધિકારી તેમજ કલેકટર વડીલ મતદારોને આવકારે છે


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

ભારતના ચુંટણી પંચના આહ્વાન સાથે દાહોદ જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર દાહોદ ભારતીય લોકતાંત્રિક પ્રક્રિયા પ્રત્યેની આપની આ દ્રઢ નિષ્ઠાને હદય પૂર્વક બિરદાએ છીએ. તેવા આવકારદાયક લેટર સાથે દેવગઢ બારીયાના મામલતદાર શાહ વોર્ડ નં.૬ના પચાસ વર્ષથી પણ વધુ સમય થી દરેકે દરેક ચુંટણીમાં મતદાન કરવા સાથે આપનો ઉત્સાહ અને જુસ્સાને હદય પૂર્વક બિરદાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયાના એજયુકેશન મેજીસ્ટ્રેટ અને મામલતદાર શાહ એ અને ચુંટણી શાખાના કર્મીઓ વોર્ડ-૬ કસ્બા વિસ્તારના વડીલ મામલતદાર આસમાબીબી યારમોહમંદ મકરાણી જેઓ લગભગ ૮૫ થી ૯૦ વર્ષના હોય તેઓ મતદાનમાં ભાગ લેતા હોય અને આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ભારત દેશનું ચુંટણી પંચ આપણી લોકશાહીને વધુ ને વધુ દ્રઢ બનાવવા અવિરત પણ કાર્યશીલ છે. તેવા આદરણીય વડીલો મતદાર ભાઈ-બહેનો જેઓ છેલ્લા પચાસ વર્ષથી પણ વધુ સમય થી દરેકે દરેક ચુંટણીઓમાં લોકસભા હોય કે વિધાનસભા હોય તાલુકા અને જીલ્લા પંચાયતની ચુંટણી કે પછી નગર પાલિકાની સેવાસદનની ચુંટણીઓમાં પોતાના મતદાન કરવાના હકને અને આપનો ઉત્સાહ અને જુસ્સાને જીલ્લાનું ચુંટણી પંચ બિરવાદીએ છે અને લોક તાંત્રિક પ્રક્રિયાના પ્રત્યે આપની નિષ્ઠાને ચુંટણી પંચ હદયપૂર્વક બિરદાવવા સાથે અને આપના નિરોગી સ્વાસ્થ્ય અને દીર્ઘાયું માટેની શુભેચ્છા પાઠવી દે.બારીયા મામલતદાર શાહ એ લેટર અર્પણ કર્યું હતું.


ઝાલોદ તાલુકા આરોગ્ય કર્મચારી મહાસંઘની તાલુકા વાઈસ હડતાલ પૂરી ન કરવાના અને જ્યા સુધી મુખ્ય મુદ્દા ગ્રેડ પે અને અન્ય માંગણીઓનું સરકાર દ્વારા લેખિતમાં જી.આર. કરવામાં ન આવે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવા અને અંત સુધી લડી લેવા ગુરૂ ગોવિંદ સમાધિ સ્થાન પર સંકલ્પ લેવામાં આવ્યો.

# દાહોદ જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા અમદાવાદ ખાતે રાહુલગાંધી સાથે મુલાકાત



દાહોદ,

તારીખ ૦૨-૦૯-૨૨ નાં રોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અમદાવાદ રિવર ફ્રન્ટ ખાતે રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પધારનાર હોઈ તે કાર્યક્રમનાં આયોજન અને સંગઠન બાબતે વિસ્તૃત કારોબારી મીટીંગ રાખવામાં આવેલ હતી. જે મીટીંગમાં માજી રેલ મંત્રી અને રાજ્ય સભાનાં સાંસદ નારણભાઈ રાઠવા તેમજ દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ નિનામા તથા દાહોદ જિલ્લા પ્રભારી રાજેન્દ્રસિંહ પટેલ સહિત દાહોદ જિલ્લાનાં આગેવાન કાર્યકર્તાઓ મોટિ સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

# દાહોદ શહેરના લોકોને આજ થી એક વર્ષ સુધી મોક્ષરથનો લાભ નિઃશુલ્ક મળશે




દાહોદ,

દાહોદ નગરપાલિકા દ્વારા શહેરીજનો માટે મોક્ષ રથ રાખવામા આવ્યો છે. જેનો વહીવટી ચાર્જ એક ફેરાનો ૧૦૦ રૂપિયા ચૂકવવાનો હોય છે, પરંતુ સેવાના ભાવ સાથે દાહોદ શહેર ભાજપના પ્રમુખ પ્રશાંત દેસાઈ એ આજથી એક વર્ષ સુધી મોક્ષરથના જેટલા પણ ફેરા થાય તેનો વહીવટી ચાર્જ પ્રશાંત દેસાઈ ચૂકવશે. જેના એડવાન્સ પેટે ૫૧,૦૦૦ રૂપિયાનો ચેક દાહોદ નગરપાલિકાને અર્પણ કર્યો હતો. સાથે જ આ ઉપરાંત પણ જે કઈ ચાર્જ થશે તે તમામ ચુકવવાની લેખિતમાં બાંહેધરી પાણ આપી હતી. પ્રશાંત દેસાઈના આ સેવાકાર્યને શહેરીજનોએ વધાવી લીધો હતો. જેથી શહેરીજનોને એક વર્ષ સુધી મોક્ષરથના ઉપયોગ માટે એકપણ રૂપિયો ચાર્જ નહીં ચૂકવવો પડે એક વર્ષ સુધી વિના મૂલ્યે મોક્ષરથની સેવા શહેરીજનોને મળશે.

# નેશનલ હાઈવે-૫૬ જમીન સંપાદનમાં આવતાં દાહોદ જીલ્લાના ખેડુતોએ વાંધા ઉઠાવી આવેદન આપ્યું

દાહોદ,

નેશનલ હાઈવે નં.૫૬, જમીન સંપાદનમાં દાહોદ જિલ્લામાં આવતાં તાલુકા લીમખેડા, ધાનપુરના ગામોની દાહોદ બોડેલી સેક્શનના હાઈવેમાં જતી જમીનના ખેડુત ખાતેદારો આ નેશનલ હાઈવેનો વાંધો ઉઠાવી દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હોવાનું જાણવા મળે છે.



દાહોદ જિલ્લામાં આવેલ માંડવ, પીપોદરા, મહુનળા, ધોડાઝેર, અગાસવાણી, ચીલાકોટા, બોઘડવા, ચોર બારીઆ, બોર, સુરપુર, કથોલીયા, ખેરીયા, બેડાત વિગેરે ગામના ગ્રામજનો આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યાં હતાં અને જયાં કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું અને આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, પોતાની જમીન નેશનલ હાઈવે નં.૫૬ દાહોદથી બોડેલી સુધી એક્સપ્રેસ વે માં પોતાની જમીમાં થઈને આ નેશનલ હાઈવે પસાર થતો હોઈ તેના પર ખેડુત ખાતેદારોની મોટા ભાગની જમીનો જે ફળદ્રુપ પ્રકારની હોય તેના પર ખેડુત ખાતેદારો ખેતી કરી ગુજરાન ચલાવે છે. ખેતી સિવાય તેઓની પાસે કોઈ કમાણીનું સાધન નથી. નેશનલ હાઈવે પસાર થતો હોઈ તેઓની પાસે બીજી કોઈ જમીન બચતી નથી માટે તેના બદલામાં ખેડુત ખાતેદારોને બીજી અન્ય કોઈ જગ્યાએ જમીન ફાળવવામાં આવે તેવી માંગણી કરી હતી. ખેડુત ખાતેદારોને અન્ય બીજી જગ્યાએ જમીન ફાળવવામાં ના આવે તો તેઓના બાળ, બચ્ચા, ઢોર, ઢાકર વિગેરે રસ્તા ઉપર આવી જાય તેમ છે માટે વળતર રૂપે અન્ય જગ્યાએ ખેડુત ખાતેદારોને રહેવા અને જમીન ખેડવા માટે કાયમી ધોરણે જમીન ફાળવવામાં આવે, જમીનના ભાવોમાં પણ વધારો કરી આપવામાં આવે વિગેરે જેવી માંગણીઓ સાથે ખેડુત ખાતેદારોએ દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# દાહોદના બે અલગ- અલગ સ્થળે થી ચોરીની ફોર વ્હીલ અને બાઈક મળી આવી

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી બે જુદા જુદા સ્થળોએથી એક ફોર વ્હીલર ગાડી અને એક મોટરસાઈકલ મળી કુલ બે વાહનો ચોરી થયાંનું જાણવા મળે છે.

મોટર સાઈકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં આવેલ ગોવિંદ નગર વિસ્તારમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ ગોવિંદ નગર વિસ્તારમાં રહેતાં મીતલભાઈ સોમેશ્વરભાઈ પરમારે પોતાની ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ ફોર વ્હીલર ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ફોર વ્હીલર ગાડીની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મીતલભાઈ સોમેશ્વરભાઈ પરમારે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ટીમરવા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૨૦મી ઓગષ્ટના રોજ ટીમરવા ગામે તડવી ફળિયામાં રહેતાં ધનંજય ભારતસિંહ તડવીએ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ધનંજય ભારતસિંહ તડવીએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અલખધામ રામદેવજી મંદિરે રામદેવ નવરાત્રી મહોત્સવની ઉજવણી અંતર્ગત વિવિધ ભજન મંડળીઓએ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના અલખધામ રામદેવજી મંદિરે ભાદરવી નવરાત્રી મહોત્સવ ઉજવણી નિમિતે રામદેવજી મંદિર પરિસરમાં કેવડાત્રીજનો ભજનસંધ્યા કાર્યક્રમ ડો. તુષાર ચૌહાણ કષ્ટભંજન સુંદરકાંડ મંડળ એ ચતુર્થીનો ભજન સંધ્યા રામદેવપીર પરિવાર છરછોડા સમસુદાસ, બાલુદાસ બિલવાલ અને ઋષિ પંચમી ના ભજન સંધ્યા રાયણ.ફ. અભલોડ ભજન મંડળ ભાવસિંહ ભાભોર ગ્રુપ અને ભજન મંડળ સિમળખેડીના પિદાભાઈ ડામોર અને ભલાભાઈ પરમાર ગ્રુપ સંતવાણી અને નિજારી ભજનોની રમઝટ જમાવી હતી. આ પ્રસંગે સંત રામગીરી બાપુ સંત ઉપસ્થિત રહી ભક્તોને વડા ધર્મ અંગે સુંદર સમજ આપી હતી.

# ગરબાડા તાલુકાની આરોગ્ય કચેરી ખાતે ટીબીના દર્દીઓને કીટ વિતરણ કરવામાં આવી

ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર આજે તારીખ ૨ સપ્ટેમ્બરના રોજ ગરબાડા તાલુકાની આરોગ્ય કચેરી ખાતે તાલુકા આરોગ્ય અધિકારી એ.આર.ડાભીની અધ્યક્ષતામાં શ્રુતિ કેરી ટેબલ ટ્રસ્ટ વડોદરા અને ONGC કંપનીના સહયોગથી ગરબાડા તાલુકાના ૩૨ જેટલા ટીબીના દર્દીઓને ગરબાડા તાલુકાના આરોગ્ય અધિકારી ડોક્ટર એ.આર.ડાભીના હસ્તે પોષણ કીટ આપવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.12

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# મા અંબાના દર્શને જઈ રહેલા પદયાત્રીઓને ઈનોવાએ કચડ્યા, ૬ શ્રદ્ધાળુઓના મોત


રથની શરૂઆત વખતનો પહેલી તસ્વીર


આ સેલ્ફી કેટલાક યુવાનોની છેલ્લી સેલ્ફી બની.

પંચમહાલ,

મા અંબાના દર્શને જઈ રહેલા પદયાત્રીઓને અકસ્માત નડ્યો હતો. અરવલ્લીના માલપુરના કૃષ્ણાપુર પાસે અકસ્માત સર્જાયો હતો. ઈનોવા ચાલકે અંબાજી જતાં પદયાત્રીઓને કચડ્યા હતા. હૃદય કંપાવી દે તેવી ઘટનામાં ૬ પદયાત્રીના મોત નિપજ્યા છે. ૫ પદયાત્રી ઘાયલ થતાં સારવાર માટે ખસેડાયા છે. તમામ પદયાત્રી પંચમહાલના કાલોલ પાસે કલાલીના રહેવાસી છે. તમામ મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તો માટે રાજ્ય સરકારે સહાય પણ જાહેર કરી છે. માલપુરના કૃષ્ણાપુર પાસે પદયાત્રીઓને અકસ્માત નડ્યો હતો. વહેલી સવારે ૭ વાગ્યે કરુણ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ઈનોવા ચાલકે મા અંબાના દ્વારે જતા પદયાત્રીઓને કચડયા હતા. અકસ્માતમાં કુલ ૬ લોકોના મોત નિપજ્યા છે. જેમાં ૫ પદયાત્રીઓ અને એક સ્થાનિક વ્યક્તિનું પણ મોત નિપજ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને માલપુર સીએચસી ખસેડાયા છે. ઉલ્લેખનીય છે કે, તમામ પદયાત્રીઓ પંચમહાલ કાલોલના કલાલીના વતની હતા. યુવકોનો સંઘ અંબાજી જવા નીકળ્યો હતો. આ સંઘમાં ૧૫૦ લોકો સામેલ હતા. પરંતુ સંઘ મા અંબાના દ્વાર પહોંચે તે પહેલા જ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દુખ વ્યક્ત કર્યુ હતું. તેમણે ટ્વીટ કરી કે, અરવલ્લી જિલ્લાના માલપુર નજીક અંબાજી દર્શને જઈ રહેલા પદયાત્રીઓને નડેલ અકસ્માતની ઘટના અત્યંત દુઃખદ છે. અકસ્માતમાં જાન ગુમાવનાર યાત્રિકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. રાજ્ય સરકાર મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને રૂપિયા ૫૦ હજારની સહાય આપશે.

## કાલોલ તેમજ લીમખેડાના ધર્મના ધામે સંઘમાં જતાં યાત્રાળુઓને ગોજારો અકસ્માત નડતા અંતિમયાત્રા ધામમાં ફરી જતાં કાલોલ અને લીમખેડા તાલુકાના ગામોમાં શોકનો માહોલ

કાલોલ,

કાલોલ તાલુકાના અલાલી થી અંબાજી પગપાળા સંગના યાત્રાડુંઓને ગોધરા–મોડાસા હાઈવે પર ગોજારો અકસ્માત નડતા કાલોલ અલાલી ગામના બે યુવાનો સહિત છ યાત્રાળુઓ ઉપર ઈનોવા ગાડી ફરી વળતા કમકમાટી ભર્યા મોત.

ગોધરા–મોડાસા જતા હાઈવે પર કૃષણપુરા પાસે થી પગપાળા જતાં કાલોલના અલાલી અને લીમખેડાના યાત્રાળુઓ પર એક ઈનોવા ગાડી ફરીવળતા કાલોલ અલાલી ગામનાં બે શ્રમિક પરિવારના બે યુવાનોના કમકમાટી ભર્યા મોત નિપજયા હતાં. જયારે લીમખેડા તાલુકાના બે યુવાનો તેમજ એક યુવાન ઝાલોદ તાલુકા અને એક મેઘરજ તાલુકાના યુવાન સહિત ૬ યાત્રાળુંઓના શુક્રવારના રોજ કમકમાટી ભર્યા મોત નિપજયા હતા. જયારે અન્ય પાંચ યાત્રાળું જેમાં કાલોલ તાલુકાના અલાલીના ત્રણ અને એક બાજુના ચોરાડુંગરી ગામનાં યુવાન જેને અકસ્માતમાં ગંભીર હાલત જણાતા નજીકની હોસ્પિટલમાં ઓક્સિજન પર હોવાનું જાણવા મળી રહ્યું છે. જયારે એક મેઘરજના યાત્રાળું સહિત પાંચ ઈજાગ્રસ્ત થયેલ છે. કાલોલ તાલુકાના યુવાનોના કરૂણ મોતને પગલે અલાલી ગામ હીબકે ચડ્યું. કાલોલ તેમજ લીમખેડાના ધર્મના ધામે સંગમાં જતાં યાત્રાળુઓને ગોજારો અકસ્માત નડતા અંતિમયાત્રા ધામમાં ફરી જતાં કાલોલ અને લીમખેડા તાલુકાના ગામોમાં શોકનો માહોલ.



# ગોધરા નગરના વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપિત શ્રીજીની મુર્તિની ઝાંખી


રાણા સોસાયટી માર્કેટીંગ યાર્ડ, ગોધરા



ચાચર ચોક, ગોધરા


દેવી શ્રી, ગોધરા


માં શક્તિ દે ગ્રુપ, ગોધરા


નરસિંહ પ્રેમાનંદ ખડકી, ગોધરા


મોચીવાડ, ગોધરા


શિવ ગંગા ગ્રુપ, ગોધરા


ચીથીયાવાડ ઝુલેલાલ મંદીર, ગોધરા


અદુમ્બર કુવા પાસે, ગોધરા


પટેલવાડા, ગોધરા


મોદીની વાડી નં.૨, ગોધરા


ઝુલેલાલ મંદીર બહારપુરા, ગોધરા




કાછીયાવાડ ચોક, ગોધરા


પીપળા ફળીયું, ગોધરા


મોદીની વાડી નં.૧, ગોધરા


ટ્રીલોક ગ્રુપ મારવાડીવાસ, ગોધરા


સહજાનંદ સોસાયટી, ગોધરા


દરવાજા પોળ કાછીયાવાડ, ગોધરા


ભોઈવાડા, ગોધરા


રાધેકૃષ્ણ મંડળ, પંચાલ હોસ્પિટલ, ગોધરા

વધુ પાન નં.૨ ઉપર